**અમદાવાદ(ગ્રામ્ય)ના ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,**
**મુ.નવરંગપુરા,અમદાવાદ.**

**ક્રિ.પ.અ.નં.૬૫૮/૨૦૨૬**

આંક– _____

**અરજદાર:–** **મહેશભાઈ વલ્લભભાઈ ગજેરા**
ઉ.વ.આ.પ૩,
રહે. ત્રીશા–૨,બ્લોકનં.–૨૯,
નર્મદાપાર્ક–૨ ની સામે,
અમીન માર્ગ,રાજકોટ

વિરુધ્ધ

સામાવાળા : ધ સ્ટેટ ઓફ ગુજરાત

**બાબત: ક્રિ.પ.અ.નં.૯૯/૨૦૨૪ ના હુકમના કામે લાદેલ શરત નં.૬ અને ૮ મોડીફીકેશન કરવા બાબત...**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.આઈ.મારૂ
સામાવાળા સરકાર તરફે વિ.પી. પી. શ્રી પી.એમ.ત્રીવેદી

---

**–: હુકમ :–**

**૧.** અરજદાર કે જેઓ બોપલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૨૦૧૧ ૨૪૦૦૫૪/૨૦૨૪, ઈ.પી.કો.ક.૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦(બી) તથા ગુજરાત મનીલેન્ડર્સ એકટનીકલમ–૪૦(સી),૪૨(એ)(ડી) મુજબના ગુનાના કામે આરોપી

છે અને અરજદારે આ અદાલત સમક્ષ સદરહું ગુનાના કામે આગોતરા જામીન અરજી ક્રિ.પ.અ.નં.૯૯/૨૦૨૪ ની દાખલ કરેલ, જે શરતોને આધિન મંજુર થયેલ જેમાં **શરતનં.૬ અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી. અને શરતનં.-૮: અરજદાર/ આરોપી જો તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તપાસનીશ અધિકારી સમક્ષ એક અઠવાડીયામાં રજુ કરવો અને જો પાસપોટ ધરાવતા ન હોય તો તે મતલબનું સોગંદનામુ સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવુ.** તેવી શરત લાદવામાં આવેલ છે. જે શરત મુજબ અરજદારે બોપલ પો.સ્ટે.માં પોતાનો પાસપોર્ટ જમા કરાવી દિધેલ હતો પરંતુ અરજદારે હાલની અરજી કરી રજુઆત કરેલ છે કે, અરજદારને પોતાના પરીવાર સાથે જાપાનમાં ટોકીયો,સેપોરો,ઓસકા મુકામે ફરવા જવાનુ હોય તેમો વિઝા મેળવવાના હોય અને વિઝા મળ્યેથી જાપાન પ્ર વાસમાં તા.૨૯/૦૪/૨૦૨૬ થી તા.૧૧/૦૫/૨૦૨૬ સુધી જવાનું હોય પરંતુ વિઝા મેળવવા માટે સમય જાય તેમ હોય જેથી વિઝા મળ્યેથી પરીવાર સાથે જાપાન પ્રવાસ ે જવાનુ હોય જે વિઝા મેળવવાનો સમય ધ્યાને લઈ તા.૦૯/૦૩/૨૦૨૬ થી તા.૧૮ /૦૫/૨૦૨૭ સુધી દેશની હદ છોડવા તથા પાસપોર્ટ પરત આપવા માટે શરતનં.-૬ અને ૮ મોડીફાઈ કરી પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

૨. અરજદારના વિ.વ.શ્રી ધ્વારા અરજી મુજબની રજુઆત કરતા જણાવે છે કે, અરજદારને પરીવાર સાથે જાપાન મુકામે પ્રવાસ માટે જવાનુ હોય અને તે માટે વિઝાની પ્રોસેસ કરવાની હોય જેથી પાસપોર્ટની જરૂરી હોય જે માટે વઝા

મેળવવાનો સમય ધ્યાને લઈ તા.૦૯/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૫/૨૦૨૭ સુધી દેશની હદ છોડવા તથા પાસપોર્ટ પરત આપવા વિનંતી કરેલ છે.

૩. સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી હાજર થઈ પોતાના લેખીત વાંધા રજુ કરેલ છે અને વધુમાં જણાવે છે કે, આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે.આરોપી જાપાન ગયા પછી સમયસર પરત આવશે નહી જેથી આગોતરા જામીનની શરત મુજબ દર મહીને તપાસના કામે હાજરી જરૂરી છે જેથી તેઓ તપાસના કામે સમયસર હાજર નહી રહે તો તપાસ વિલંબમા પડશે જેથી સદર અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૪. બંને પક્ષોની રજૂઆત ધ્યાને લીધી. આ કામે રજૂ અરજદારની અરજી, તપાસનીશ અધિકારીનું સોગંદનામુ વંચાણે લીધુ.આ કામે અરજદારને ક્રિ.પ. અ.નં .૯૯/૨૦૨૪ ના કામે અરજદારને અત્રેની અદાલત ધ્વારા શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરેલ જે જામીન અરજીના હુકમની **શરતનં.૬ અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી. અને શરતનં.–૮: અરજદાર/ આરોપી જો તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તપાસનીશ અધિકારી સમક્ષ એક અઠવાડીયામાં રજુ કરવો અને જો પાસપોટ ધરાવતા ન હોય તો તે મતલબનું સોગંદનામુ સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવુ.**તે શરત અનુસાર અરજદારે પોતાનો પાસપોર્ટ બોપલ પો.સ્ટે. જમા કરાવેલ છે. અરજદારે હાલની અરજી કરી રજુઆત કરેલ છે કે,અરજદારને પોતાના

પરીવાર સાથે જાપાનમાં ટોકીયો,સેપોરો,ઓસકા મુકામે ફરવા જવાનુ હોય તેમો વિઝા મેળવવાના હોય અને વિઝા મળ્યેથી જાપાન પ્રવાસમાં તા.૨૯/૦૪/૨૦૨૬ થી તા.૧૧/૦૫/૨૦૨૬ સુધી જવાનું હોય પરંતુ વિઝા મેળવવા માટે સમય જાય તેમ હોય જેથી વિઝા મળ્યેથી પરીવાર સાથે જાપાન પ્રવાસે જવાનુ હોય જે વિઝા મેળવવાનો સમય ધ્યાને લઈ તા.૦૯/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૫/૨૦૨૭ સુધી દેશની હદ છોડવા તથા પાસપોર્ટ પરત આપવા જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર જાપાન પ્રવેસેથી પરત આવી તેઓ પાસપોર્ટ જમા કરાવી દેશે તેવી બાંહેધરી આપેલી છે. તેમજ તેઓની ગેરહાજરીમાં મુદતે તેઓના વકીલ હાજર રહેશે અને તેઓની ગેરહાજરીમાં પણ જો ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે તો તેઓને કોઈ વાંધો નથી તે હકીકત ધ્યાનમાં લેતા તેમજ તેઓની રજુઆત છે કે, તેઓ નાસી ભાગી જાય તેવા નથી અને તેઓ સ્થાયી મીલકત ધરાવે છે તેમજ કોર્ટ ફરમાવશે તે ડીપોઝીટની રકમ જમા કરાવવા રાજી છે તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી જોતા, અરજદારને નિશ્ચિીત સમય માટે એટલે કે, તેમની અરજીમાં જણાવ્યા મુજબ પરીવાર સાથે જાપાન પ્રવાસે જવા માટે તા.૨૯/૦૪/૨૦૨૬ થી તા.૧૧/૦૫/૨૦૨૬ સુધી જવાનુ છે તેમજ તે માટે વિઝા મેળવવા માટે સમય જાય તેમ હોય અને વિઝા મેળવવા માટે પાસપોર્ટની જરૂરી હોય અને તે વિદેશ પ્રવાસ માટેની ટીકીટો પણ રજુ કરેલ છે અરજદારને જાપાનનો વિઝા મેળવવા માટેનો સમય ધ્યાને લેતા તથા જાપાનનો પ્ર

વાસ કરવા માટે અરજીમાં જણાવ્યા મુજબ તા.૦૯/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૫/૨૦૨૬ સુધી તેઓનો અસલ પાસપોર્ટ પરત આપી તેમજ સદરહું સમયગાળા દરમ્યાન ભારત દેશની હદ છોડવાની પરવાનગી સાથે તેઓનો અસલ પાસપોર્ટ નિયત સમય માટે પરત આપવામાં આવે તો તેમજ વિદેશ પ્રવાસની પરવાનગી આપવામાં આવે તો તે ન્યાયીક ગણાશે અને તેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:- હુકમ -:**

(૧) અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે તથા અરજીમાં જણાવ્યા મુજબના સમયગાળા માટે વિદેશ જવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) આ કામનાં અરજદાર/આરોપી-**મહેશભાઈ વલ્લભભાઈ ગજેરા**ને તેઓનો અસલ પાસપોર્ટ તેની ઝેરોક્ષ નકલ બોપલ પો.સ્ટે.ને જમા રાખી પાસપોર્ટ હુકમની તારીખ થી તા.૧૮/૦૫/૨૦૨૬ સુધી વચગાળાના સમય માટે નીચેની શરતે પરત સોંપવા નો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧. અરજદાર/આરોપી વિદેશથી પરત આવી પાસપોર્ટ તુરંત સબંધિત પો.સ્ટે.માં જમા કરાવવો

૨. અરજદાર/આરોપીએ ડિપોઝીટ તરીકે રૂા.૫૦,૦૦૦/-(પચાંસ હજાર) જમા કરાવ્યેથી તેઓને પાસપોર્ટ પરત સોંપવો અને કોર્ટની શરત મુજબ તેઓનો અસલ પાસપોર્ટ જમા કરાવી દિધેલ છે તે મતલબનું સોગંદનામુ રજુ કરવુ.

૩. વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદાર હુકમ મુજબ સમય મર્યાદામાં

પાસપોર્ટ જમા કરાવ્યેથી ડીપોઝીટની રકમ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) પુરતુ અને યોગ્ય વેરીફીકેશન કરી અરજદારને પરત કરવા.

૪. અરજદારે ક્રિ.પ.અ.નં.૯૯/૨૦૨૪ ના કામે લાદવામાં આવેલ અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**હુકમની ચાદી સંબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.**

હુકમ આજ તારીખ-૧૧-મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧/૦૩/૨૦૨૬

(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(રૂરલ), અમદાવાદ
Code No. GJ-00612